# ઉચાળા

ઘર વિશેની પહેલી છાપ મારા મનમાં કેવી રીતે બની તે શોધતો-શોધતો હું છેક મારા મનના તળિયાને ફંફોસું છું તો દેખાય છે એક લીલા કલરની બારી. હું તે બારી સુધી તો મારા અંગૂઠા પર ઊભો થાઉં તો પણ ન પહોંચું. એટલે બાજુમાં ગાદલું સંકેલીને મુકાતું, એના પર ચડીને બારીએ પહોંચતો. ટાઢ-તડકાને લીધે બારીના કલરની લીલાશ અડધી ઊડી ગયેલી અને તેની સપાટી પર ફાટી ગયેલા કલરની એક વિશિષ્ટ ભાત પડી ગયેલી. મને યાદ છે હું મારી દાંતુડીથી બારીના સળિયાનો કલર ખોતરતો અને મારી બાથી છાનોછાનો તેને મમળાવતો પણ ખરો.

માથે લાલ આડસર પર બિછાવેલ વંજીવાળું વિલાયતી નળિયાનું છાપરું હતું. લગભગ સાત પગથિયાં ઊંચો એવો ઘરનો એકમાત્ર ઓરડો. એ ઓરડાને અડીને એક લાંબું અને વિશાળ પતરાવાળું છાપરું અને સામે ખૂબ જ ઊંડો ડેલો હતો. જૂનું બસસ્ટૅન્ડ કહેવાતી આ જગ્યા. ડેલાના બંધ રહેતા દરવાજાની એક બાજુ અમારું આ ઘર અને બીજી બાજુ અમારાથી જરા નાનું પણ રળિયામણું લાગતું બીજું એક ઓરડાવાળું મકાન હતું. ખૂબ મોટા અને ભેંકાર લાગતા આ જૂના બસસ્ટૅન્ડના ડેલામાં અમારાં બે જ કુટુંબ રહેતાં અને બાકીનામાં રહેતાં હાવલાં. સામે દૂર સુધીનો ફેલાયેલો ઝાડ-ઝાંખરાવાળો પટ ખુલ્લો ખરો પણ કોઈ દિવસ હું એ તરફ જતો નહીં. ફક્ત ઝાંખરાં વચ્ચેથી દેખાતા ઝાંખાપાંખા ડેલાના છેડાની કલ્પના કરતો રહેતો અને રાત પડતી ત્યારે તો આ ઓરડામાં જ સમેટાઈ જતી અમારી દુનિયા. ક્યારેય રાત પડ્યા પછી ઘરનાં બારણાંમાંથી સામે દૂર ડેલાના છેડા સુધી જોવાનું કે બારીએ ચડીને બહાર ડોકાવાનું મને સૂઝતું નહીં. જોકે કોઈ જ બીક નહોતી લાગતી મને તે દિવસોમાં. ભયનાં વિખોડિયાં તો અમારા મન પર બહુ પાછળથી પડ્યાં, આ તો એથીય પહેલાંની વાત છે.

સવાર પડતી અને પહેલો તડકો બારી વાટે પડતો મારી ઊંઘરેટી આંખો પર અને બીજો તડકો પડતો સામેના ઘરની પથ્થરની વાડ માથે. સામેના ઘરમાં એક કોળી કુટુંબ રહેતું. ખૂબ ઘરડાં થઈ ગયેલાં બાપા અને માજી, એમનું કોઈ નામ નહોતું, ફક્ત બાપા અને માજી કહેતાં એમને અમે. બાપા પહેલાં પી.ડબ્લ્યૂ.ડી.માં મજૂરીકામ કરતા એટલે રહેમરાહે આ નાનકડા મકાનમાં રહે. બાપાને બે જુવાન દીકરા હતા. ડાયોભાઈ અને મૂળજીભાઈ. પાછળથી મૂળજીભાઈ બાપાની જગ્યાએ મસ્ટર પર લાગી ગયેલા. સવારે ઊઠીને બાપા તેમના ઘરને અડીને વાળેલા વંડાના પથ્થર માથે બેસે અને બીડી પેટાવે. હું મારા ઘરના પગથિયેથી જોતો કે બીડીના ધુમાડામાં બાપાના ચહેરા પરની ઊંડી ઊતરી ગયેલી કરચલીઓ ઓગળી જતી અને બાપા ડાયાભાઈ જેવા જુવાન દેખાવા લાગતા. માજીની પીળી ઘાટડીમાં ઊઘડેલી ઘેરી લાલ ટીપકીભાતને પણ હું વિસ્ફારિત આંખે જોયા કરતો. આ ભર્યોભર્યો પહેરવેશ સુકાઈને મરખોલું થઈ ગયેલાં માજીના દેહને એક ગજબનો ઠસ્સો આપતો. માથે ઓઢેલી ઘાટડીના એક છેડાને કમ્મર ફરતો વીંટી, હાથમાં દાતરડું લઈને માજી કોળી સ્ત્રીઓમાં જ હોય તેવી વિશિષ્ટ લચકથી ચાલતાં અને વંડામાં ઊતરતાં. બાગાયતની આવડત તો કોળી કોમના લોહીમાં હોય એટલે એ નાનકડા વંડામાં જાતજાતનાં શાકપાન ઊગે અને ખૂણે શેરડીનો નાનકડો વાડ પણ લહલહતો હોય.

અલસ બપોરે બા અમને જમાડીને ઊંઘાડી દેતી. નાના ભાઈ મુકેશને સળિયાની છડે લટકતા ઘોડિયામાં ઢબૂરે અને મને ઘોડિયા નીચે ગોદડી પાથરી સુવાડે. મુકેશ થોડો અકોણો એટલે સૂતા પહેલાં બાને થકવી દેતો. હું થોડી વાર ઊંઘું અથવા ઊંઘવાનો ડોળ કરું અને બા ઊંઘી જાય એટલે હળવેથી ઊઠીને ઓરડાના બીજા બારણેથી ઘરની બાજુના એકઢાળિયામાં ઊતરું અને ખૂણેખાંચરે લપાયેલાં જીવજંતુઓને શોધતો ફરું. જીવડાંઓનું એક અલાયદું અને અગોચર વિશ્વ ધબકતું હતું એ એકઢાળિયામાં. આ વિશ્વમાંથી મને તો કીડી, મકોડા, ઘિમેલ, ભરવાડ નામની જંગલી ઇયળ અને કરોળિયો – બસ આટલાની નામજોગ ઓળખાણ હતી. એક કાળા રંગનું નાનકડું લંબગોળ જીવડું થતું, અમે બાને પૂછેલું તો બાએ નામ દીધેલું, ભગવાનની ભેંસ. બાકીનાં જીવડાંનાં નામ ન આવડે પણ તેમની સાથેનો અમારો ઘરોબો પાક્કો. ખાંચાઓમાં લપાઈ બેઠેલાં આ જીવડાઓને હું એક સળી લઈને છંછેડતો અને પછી બાજુમાં ઉભડકપગે બેસીને જીવડાઓનાં હલનચલન જોયા કરતો. નાનાનાના અસંખ્ય પગે ચાલતી

ચળકતી ભરવાડની પાસે એક સળી ઊભી મૂકીએ એટલે તે સળી ફરતે વીંટળાઈ જાય. કીડીની દોડ્યે જતી હારમાંથી એક કીડીને જરા નોખી પાડું એટલે બાકીની કીડીઓની હાર થોડી વાર માટે બીજે રસ્તે ફંટાઈ જતી. ક્યારેક આ ખાંખાંખોળાંમાં કદમાં ભારે અને રંગે કાળો એવો એક જીવડો મળી આવતો. હું તેને સળી કે સાઠીકડા વડે ઊંધો પાડી દઉં. પછી અદબ વાળીને દૂરથી તેનું સવળા થવા માટેનું છટપટવું જોવામાં મને ભારે કૌતુક થતું. જોકે થોડી વારમાં જ એ જાતે સવળો થઈ જતો અથવા હું સાઠીકડેથી સવળો કરી નાખતો. મને બહુ મોટી ઉંમરે જાણવા મળેલું કે તે જીવડાનું નામ હતું ગેંગોપેંગો. આ બધાં જીવડાંઓમાં થોડુંથોડું ચાલી અને ઊભો રહી જતો, વારેવારે દિશાની ખાતરી કર્યા કરતો અને મોં ઉપરના બે અંકોડા હલાવી-હલાવી પોતાના આત્મવિશ્વાસને ઊભો કર્યા કરતો મકોડો એ મારો વિશેષ રસનો વિષય હતો. આવો જ એક મોટ્ટો મકોડો એક દિવસ નાનકડા મુકેશની તર્જનીએ ચોંટી પડ્યો અને મુકેશે રાડારાડ કરી મૂકેલી. તેની આંગળીએ ચપરકાવીને બાઝેલા મકોડા ફરતે લોહી નીકળી આવેલું. ઓરડામાંથી બા પગથિયાં કૂદતી દોડી આવી, એક ઝપાટે ચોંટેલા મકોડાને ખેંચી કાઢ્યો અને મુકેશની આંગળીને મોઢામાં લઈ લીધી. બસ, તે દિવસથી અમારા બન્નેનું એકઢાળિયામાં જવાનું બંધ થઈ ગયું. બાએ એ તરફના બારણાને સાંકળ જ ચડાવી દીધેલી.

દિવસ ઢળતાં હું રોડ તરફ ખૂલતી બારીએ ચડું. નાનો ભાઈ મુકેશ નીચે રમતો હોય અથવા ફળીમાં માજીને લસણ ફોલવા લાગતી બાનો ખોળો ખૂંદતો હોય. મારી આ બારી સાથે બહુ પાક્કી દોસ્તી. બારીના સળિયાને પકડીને હું બારીની ઓટલીએ બેસી જતો. સવારે ચરવા ગયેલાં ગાડરડાંનાં ધણનાંધણ પાછાં ફરતાં હોય. એક પાછળ એક એમ હારબંધ ચાલતાં મટમેલાં ગાડરના પ્રવાહ વચ્ચે-વચ્ચે તાજાં ઊન ઉતારેલાં અને પંડે નવીનક્કોર ચુમકી પડાવેલાં ગાડરડાં આવતાં એ જોઈને હું ભારે હરખાઈ પડતો. દરેક ધણ આગળ ચોરણી-કડિયું પહેરેલ એક ઊંચોથી ભરવાડ હોય અને પાછળ ખભે પિત્તળની બોઘરડી લટકાવીને એકાદ મારા જેવડો છોકરો દોડ્યે જતો હોય. મને આ ગાડરડાં બહુ ગમતાં અને પેલો દોડ્યે જતો બોઘરડીવાળો છોકરો પણ. હું વિચારતો કે મોટો થઈશ ત્યારે એક દિવસ હું પણ ખભે બોઘરડી લઈને ગાડરડાં ચરાવવા જઈશ. બપોરે સાવ આળસુ થઈને પડેલો આ લાંબો રસ્તો સાંજે ફરીથી આવરેજાવરે ધમધમવા લાગતો. હું જોતો કે ખારવાવાડ તરફથી આવતા કેટલાક માણસો

લથડિયાં ખાતા હોય. મને થતું હમણાં ગબડી પડશે કે શું! ક્યારેક કોઈ લથડીને જમીન પર પડી જતું તો હું બાને બૂમ પાડીને બોલાવું અને તેને બતાવું. બા કહેતી કે તેણે ઢીંચ્યો છે. આ ઢીંચવું એટલે શું, એ ન સમજાતા હું બા સામે ચકળવકળ જોઈ રહેતો.

બા ભગવાનને દીવો કરવા ઓરડામાં આવે ત્યારે મને બારીએથી ઉતારે. બાજુના બાપાના ઘરમાંથી લસણની ચટણીના વઘારનો છમકારો બોલે. ક્યારેક-ક્યારેક કુતૂહલવશ હું તેમની ઓરડીનાં પગથિયાં ચડી અંદર ડોકિયું કરવા જતો, પણ અંદરનો ઘેરો ધુમાડો અને લસણની તીવ્ર ગંધ મને બારણેથી જ પાછો વાળી દેતી. બાપુજીના આવવાની તૈયારી હોય. હું ડેલાની પટ્ટીઓમાંથી રસ્તા ઉપર નજર દોડાવું. એ દિવસોમાં બાપુજીને નોકરીના કામે જૂનાગઢ જવાનું બહુ થતું. બાપુજી જ્યારે-જ્યારે જૂનાગઢ જાય ત્યારે અમને ભાવતો નરસિંહનો ચેવડો અચૂક લઈને આવે અને સાથે દાદાની સત્યનારાયણની કથાઓમાં આવેલ કાજુ, બદામ અને દ્રાક્ષ પણ લેતા આવે. બાપુજી વાયરમૅન હતા. લટ્ઠ માદરપાટમાંથી બનેલી એક ઓજારોની થેલી તેમના ખભે હોય. મેં એક વખત જીદ કરેલી એટલે બાપુજી મારા માટે નાની થેલી બનાવી લાવેલા અને એમાં તૂટેલાં પાનાંઓની હારે એક નાનકડી હથોડી પણ મૂકી આપેલી. મને ઘણી વાર ધૂન ચડતી તો હું મારા ખભે પેલી નાનકડી થેલી ઉપાડતો અને લાકડાના ડેલા પર બાપુજીની જેમ રોફપૂર્વક હથોડીના બે ઘા ઝીંકી અને પાછો આવી જતો.

અમારી દિનચર્યામાં બે અવાજોનું અચળ સ્થાન હતું. એક, મ્યુનિસિપાલિટીની ઑફિસ પરથી વાગતી રાતના સાડાઆઠની સાયરન. આ સાયરન વાગે એટલે અમારે ઊંઘી જવાનું અને બીજો અવાજ એ રોજ સવારે સાડાસાતે થતો બાજુની તાલુકા શાળાનો ઘંટારવ. જે બા-બાપુજીના જાગવાનું ટાણું.

એક દિવસ આ જ તાલુકા શાળાનાં છોકરાંઓનું મોટું ધાડું અચાનક હો હો ને દેકારો કરતું અમારા જૂના બસસ્ટૅન્ડના દરવાજા સામે આવ્યું. શાળાના વિસ્તરણ માટે આ જૂના બસસ્ટૅન્ડનો કબજો મેળવવાની તેમની જૂની માગણી હશે જેના માટે અધિકારીઓ પર દબાણ લાવવા હડતાલ પાડી હતી. થોડી વાર સૂત્રો પોકારીને છોકરાં તો નિશાળમાં પાછાં ચાલ્યાં ગયાં, પણ બાપુજી ઑફિસેથી ઉતાવળે-ઉતાવળે ઘરે આવ્યા અને અહીંથી તાત્કાલિક ઉચાળા ભરવાની વાત બાને કરવા લાગ્યા. મને તો કશી સૂઝ પડે નહીં. બસ એટલું સમજાયું કે હવે આ

જૂના બસસ્ટૅન્ડને, આ એકઢાળિયાને, આ ઘરને, આ લીલા રંગની બારીને અમારે છોડવાનાં હતાં. અહીંથી ક્યાં જવાનું હતું એ બાબતે પણ બાપુજીનું અકળ મૌન. તાબડતોબ થોડા માણસો આવ્યા અને એક રેંકડીમાં અમારી ઘરવખરી ભરાઈ. બાએ નાના ભાઈ મુકેશને તેડ્યો અને બાપુજીએ ભારે હૈયે અમારા ખાલી થઈ ગયેલા ઘરને તાળું માર્યું. સામેના ઘરે બાપા-માજીની ઘરવખરીનો પણ બહાર ઢગલો થયેલો હતો. ભીની આંખે મારાં બા અને બાપુજી એ વૃદ્ધ દંપતીને પગે લાગ્યાં અને અમે રસ્તા ઉપર આવી ગયાં. રસ્તા પરથી અમારા ઘર પર નજર નાખતાં અમને પહેલી વખત કોઈક ન કળી શકાય એવી લાગણી થયેલી. એ ગ્લાનિ હતી? જોકે આ જ જૂના બસસ્ટૅન્ડના એકઢાળિયામાં ફરી વાર આવીને મારે મારા શાળાજીવનની પ્રાર્થનામાં બેસવાનું હતું. આ અમારો ઓરડો કોઈનો વર્ગખંડ બનાવાનો હતો અને રિસેસોમાં આ જ લીલી બારીને ફરીથી એક વખત સ્પર્શવાનો રોમાંચ પણ વિધાતાએ મારા નસીબમાં લખ્યો હતો, પણ વિધિના એ લેખની ત્યારે કોને ખબર હતી?

અમારી ઘરવખરી અને અમે ચારેય પી.ડબ્લ્યૂ.ડી.ની ઑફિસવાળા ડેલામાં આવ્યાં. પી.ડબ્લ્યૂ.ડી.નો આ ડેલો જૂના બસસ્ટૅન્ડથી પૂરો એક ફર્લાન્ગ પણ છેટો નહોતો. ડેલામાં પ્રવેશતાં જ એક ઘેઘૂર વડલો પલાંઠી મારીને બેઠો હતો અને તેની ફરતે હતો મોટોથી પાક્કો ઓટલો. બાપુજીની સૂચનાથી અમારી ઘરવખરી વડલા નીચે ઓટલા પર મુકાઈ. મને અને મુકેશને ઓટલા માથે બેસાડાયા. થોડી જ વારમાં બાજુના ઘરેથી ઓવરસીયર જોશીભાઈ અને એમનાં પત્ની સરલાબહેન અમારી પાસે આવ્યાં. જોશીભાઈએ બાપુજીના ખભે હાથ મૂક્યો અને સરલાબહેન અમને બધાંને તેમના ઘરે લઈ ગયાં. જોશીભાઈ અને સરલાબહેને ભાવપૂર્વક બાપુજીને કહ્યું કે જ્યાં સુધી બીજી ગોઠવણ ન થાય ત્યાં સુધી રહેવા-જમવાની બધી વ્યવસ્થા તેમના ઘરે જ રાખવાની. બા-બાપુજીએ મૂક સંમતિ આપી. આમ અચાનક જ માથેનું છાપરું છીનવાઈ જવાની અને તેના વિકલ્પે બીજું એક પણ સરકારી મકાન ખાલી ન હોવાથી આ પરિસ્થિતિ કેટલી બધી ગંભીર હતી એની મને તો ખબર પણ ક્યાંથી પડે! બાપુજીના ઉપરીએ આ જ ડેલામાં આવેલું એક મોટું ગૅરેજ ખાલી કરાવી અને તેને રહેવાલાયક બનાવવાની તજવીજ આદરી. પી.ડબ્લ્યૂ.ડી.ના કડિયા, મિસ્ત્રી અને મજૂરિયાઓની ફોજ કામે લાગી ગઈ. બપોર થતાં સરલાબહેનના રસોડે અમે સંકોચપૂર્વક જમવા બેઠાં ત્યારે જોશીભાઈ અને બાપુજીની આ પરિસ્થિતિને

પહોંચી વળવાની તૈયારી બાબતે જે વાતો થઈ એ સાંભળીને બાના મુરઝાઈ ગયેલા ચહેરા પર થોડું ચેતન આવ્યું. આવતી કાલે બપોર સુધીમાં અમારું નવું રહેઠાણ તૈયાર થઈ જવાનું હતું.

જમ્યા પછી બા વડલા નીચે પડેલી અમારી ઘરવખરીમાંથી કેટલીક વસ્તુઓને સાચવવામાં પરોવાઈ અને સરલાબહેને મને અને મુકેશને કોચ પર સુવાડ્યા. આ અજાણી જગ્યાએ પણ મને ઘસઘસાટ ઊંઘ આવી ગઈ. એક નિર્ભીક શાંતિ હતી આ ઘરના વાતાવરણમાં. નિરાંતની સુખદ ભીનાશ હતી કોચના તકિયા પર, પાથરેલી ગાદી પર. આ દંપતીના સૌજન્યે અને સ્નેહની ઉષ્માએ અમને તૂટી પડતાં બચાવી લીધેલાં.

બીજા દિવસે બપોરે નવા નિવાસે અમારો ગૃહપ્રવેશ થયો. જૂના બસસ્ટૅન્ડવાળા ઘરે હતી તેવી મોકળાશ અને ખુલ્લાં હવા-ઉજાશ અહીં નહોતાં. ખાસ્સો ઊંડો એવો એક ખંડ જેની બન્ને બાજુની બારી વગરની આંધળી ભીંતો. છેક ઊંડાણમાં પાછળની દીવાલે એકમાત્ર બારી હતી, જે પાછલા જાહેર રોડ પર પડતી. મહોરાના મોટા દરવાજાને કાઢી તેની આગળના ભાગે સિમેન્ટનાં પતરાંની એક પડસાળ બનાવી દેવાયેલી. એ પડસાળને એક ખૂણે ડામરના બેરલનું પતરું જડેલો અને મોટીથી સાંકળવાળો એક અણઘડ પટ્ટીઓનો દરવાજો લગાવેલો. પથ્થર જડેલી ફરસ પર તાજા જ સિમેન્ટ-રેતીના વાટા કર્યા હતા. દીવાલોને ગઈ કાલે જ ફૂલગળી નાખેલો ચૂનો થયેલો. એની ભીનીભીની સુગંધ હજુયે ખંડમાં પ્રસરેલી હતી. બાએ ફરસ પર મગનો સાથિયો કર્યો, દીવો પેટાવ્યો અને સામાન મૂકવા આવેલ સહુ પી.ડબ્લ્યૂ.ડી.ના મજૂરિયાઓને ગોળ-ધાણાનો પ્રસાદ આપ્યો. ખંડ વચ્ચોવચ એક લોખંડની જૂની સરકારી તિજોરી પડેલી. આનું શું કરવું? મજૂરિયાઓએ તોડ કાઢ્યો. આ તિજોરીને જ્યાં રસોડું ગોઠવવાનું છે ત્યાં મૂકી દઈએ. આજનાં આધુનિક રસોડાંઓ જેવાં ઊભાં પ્લૅટફૉર્મ્સ અને ફ્રિજ જ્યારે નહોતાં આવ્યાં ત્યારે જમવાનું, દૂધ, દહીં અને અન્ય સામગ્રી મૂકવા રસોડાઓમાં પીંજરાં અથવા આળિયાઓ બનાવતા. અમારાં રોટલા-રોટલીનું ગરમું, તેલની બરણી, ઘીની વાઢી, અથાણિયું, દૂધ-દહીંની ટોપડીઓને એક જાજરમાન ઠામઠેકાણું મળી ગયું અને બે દિવસથી ઊચક મને ભમતાં અમારાં ચારેયને માથે અંતે એક છાપરું પણ મળ્યું.

સવારે અમારા ઘરની સામેના પટમાં પી.ડબ્લ્યૂ.ડી.ના બધા રોજમદારો આવીને

બેસતા. રોડ-કારકુન મસ્ટરમાં હાજરી પૂરી લે પછી મુકાદમ સેજીબહેન અને એનો દીકરો ઊકોભાઈ મજૂરોને કામ વહેંચે એ દરમ્યાન પુરુષો અંદરોઅંદર ચણભણ કરતા પોતાનાં ખિસ્સાંમાંનાં પાન-બીડીના પુરવઠાને તપાસી લે. થોડાક મજૂરો વડલા નીચે પડેલા ડમ્પરિયા પર ચડી દૂરના રસ્તાઓનાં થીગડાં મારવા ઊપડે. બાકીના સહુ નજીકના કામે જવા પોતપોતાની સાઇકલ ઉપાડે. આ સહુમાં માથે પાઘડી અને ડિલે ફાટેલ કોટ પહેરેલા આધેડ કરશન મિસ્ત્રી અલગ તરી આવે. ગલોફામાં પાનનું બીડું, મૂછના ગોળ આંકડા, એક કાને પેન્સિલ ખોસેલી હોય ને મોઢે હોય લટકતી બીડી. એક હાથમાં થેલો ને બીજા હાથે કરવત પકડેલા આ કરશન મિસ્ત્રી એવા તે ફાટેલ મગજના કે કામ ચીંધવા એમને અલગથી બોલાવાય!

બાપુજી નોકરીએ જાય પછી હું અને મુકેશ ઠીગુક-ઠીગુક કરતા ઊપડતા સરલાબહેનના ઘરે. મોટા ભાગે સરલાબહેન દરવાજે જ ઊભાં હોય. સરલાબહેન મુકેશને લાગલો જ તેડી લે અને મારી આંગળી ઝાલી અમને ઘરમાં લાવે. અમને બન્નેને ટેલ્કમ પાઉડરના ખાલી થયેલા પૂંઠાના ચપટા ડબ્બામાં મૂઠીમૂઠી શીંગ-દાળિયા આપે. કોચ પર બેસીને અમે આ રાજભોગ આરોગતા હોઈએ અને નીચે બેસીને સરલાબહેન શાક સમારતાં હોય. મને શીંગ-દાળિયા ખાવા તો ગમતા જ પણ એથીય વધુ ગમતી પેલા ડબ્બામાંથી આવતી પાઉડરની મીઠીમીઠી સુગંધ. શીંગ-દાળિયા ખૂટી જાય એ પછીયે હું ડબ્બો ઊઘાડી-ઉઘાડીને તેને સૂંઘ્યા કરતો. બેઠી દડીનાં સરલાબહેન અમારી બા કરતાં ઘણાં જ રૂપાળાં હતાં. તેમના ગોળ અને ગૌર ચહેરા પર મોટોથી લાલ ચાંદલો એક આભા આપતો એમના વ્યક્તિત્વને. સરલાબહેન મને તેડી લઈને બહારની બારીએ લઈ જતાં અને રસ્તા પરનાં વાહનોને ચીંધીચીંધી તેની ઓળખાણ કરાવતાં. હું મારા સ્વભાવગત મૂંગો રહું તો સરલાબહેન મને ગલીપચી કરતાં અને હું હર્ષાવેશમાં તેમનાં સુંવાળા ગાલને મારાં બન્ને નાનકડા હાથથી બચકાવી લેતો. સુગંધમય સ્નેહની આ જારીએ મારા શૈશવને ખૂબ ઊંડે સુધી સીંચ્યું છે. મને તો સમજણો થયો ત્યારે કળાયું કે સરલાબહેનને કોઈ સંતાન નહોતું.

જૂના બસસ્ટૅન્ડની એકાંતમય મંથરતાથી વિપરીત હતું અહીંનું વાતાવરણ. અહીં સતત રાજકાજનો ધમધમાટ અનુભવાય. પી.ડબ્લ્યૂ.ડી.ની ઑફિસે માણસો અને વાહનોની અવરજવરમાં, ડામરના બેરલ, રંગનાં ડબલાં, સિમેન્ટની

થેલીઓ, લોઢાલક્કડ, ડમ્પર અને હાથલારીની ઊથલપાથલમાં આખુંય પરિસર દિવસભર રમમાણ હોય. પટમાં ઊભેલાં ઘેઘૂર વૃક્ષોની છાયાઓ સવારથી સાંજ એકબીજામાં ભળતી રહે અને વીખરાતી રહે. ચોમેર ખરેલાં પાંદડાંની વિચિત્ર અજાણી ગંધ, વૃક્ષના ઓટલાઓ પરની પંખીઓની હગારનાં ચિતરામણ અને નિતનવા માણસોના ધૂંધળા મોંમેળાપ વચ્ચે કોઈ અદીઠા આશ્ચર્યલોકને શોધવામાં મારું બાળકમન મશગૂલ રહેતું. ગૅરેજમાંથી ઘર બનેલી આ જગ્યામાં ધીમેધીમે અમને ગોઠવા લાગેલું.

અમારી મજિયારી ભીંતે જીવણભાઈનું ઘર. ભાનુબહેન બાના માવતરના ગામ બગસરાનાં દીકરી એટલે અમારાં માસી. શરીરે સાવ ગળી ગયેલા જીવણભાઈ દિવસભર ખાંસ્યા કરતા. બા કહેતી તેમને કોઈ અસાધ્ય રોગ થયો હતો. ઘરમાં ધણી-ધણિયાણી બે જ રહે અને ટૂંકી આવકમાં ગુજારો કરે. ઘણી વાર સાંજે બા સાથે વાત કરતાં-કરતાં ભાનુમાસીનો અવાજ ભીનો થઈ જતો. બા અજમા અને સૂંઠવાળી ગરમ-ગરમ રાબ બનાવીને જીવણભાઈને આપી આવતી, પણ અમને એ જ જીવણભાઈ પાસે જતા રોકતી. મને ત્યારે બાની એ મનાઈ ગમતી નહીં. જીવણભાઈના ઘરની બાજુમાં જ એક ખાસું મોટું ઘર હતું. તેમાં મૂળીમા રહે. મૂળીમાને ત્રણ દીકરા. બે દીકરા નોકરીધંધા કરે, પણ એક મોટા ભાગે ઘરે હોય. તેમના ઘરની સામેના વૃક્ષ નીચે પથ્થર ગોઠવીને બેસવાનો ઓટલો બનાવેલો. મૂળીમા દિવસ આખો ત્યાં બેઠાં હોય. તેમની દીકરી ઘરકામ ને રસોઈ કરે. મૂળીમા ઓસડિયાંનાં પાકાં જાણકાર હતાં. ઘણી વાર અમને ભરાણી થતી કે પેટમાં ચૂંક આવતી ત્યારે મૂળીમા બાને ઓસડિયાં ચીંધતાં. તેમના આ જ્ઞાનનું કારણ તેમનો નાનો દીકરો પણ ખરો. થોડા અસ્થિર મગજના દીકરાને વારેવારે વાઈ આવતી. મૂળીમા ડુંગળીના દડાને એક ધૂંબે ભાંગી, તેના ટપકતા રસ સાથે વાઈ આવવાથી ભોં પર નિશ્ચેષ્ટ પડેલા દીકરાને સૂંઘાડતાં અને થોડી વારમાં જ તે ભાનમાં આવી ઊભો થઈ જતો. મને મૂળીમાના દીકરાનું બેભાન થઈ જવું અકળાવી મૂકતું, પણ ડુંગળીવાળો ચમત્કાર જોઈને મૂળીમા પર અપાર માન ઊપજતું. નસકોરી ફૂટી હોય તો તેના ઇલાજ રૂપે બે-ત્રણ છબલાં ટાઢું પાણી માથા પર થાબડી દેવાનું એ હું પહેલી વાર મૂળીમાના ફળિયામાં શીખેલો.

બા-બાપુજી અમારા બન્ને ભાઈઓના જન્મદિવસની ખાસ રીતે ઉજવણી કરતા. તે ખાસ દિવસે સવારે નાહવાના પાણીની ડોલમાં ગુલાબજળ, ચંદન, મધનાં ટીપાં અને ગાયનું દૂધ નાખીને એક વિશિષ્ટ નાવણ તૈયાર થતું. બા


હોંશેહોંશે અમને નવડાવતી. પહેલેથી ઘડી કરીને મૂકેલાં અમારાં નવાં ચડ્ડી-બુશકોટ અમને પહેરાવાય. કપાળે કંકુનો ચાંદલો કરાય અને ભગવાનને દીવો કરી અમને પગે લગાડાય. તે આખાય દિવસ દરમ્યાન અમને કોઈ ખિજાતું નહીં. એ વાતનું ખાસ ધ્યાન રખાય કે અમે રડીએ નહીં. બપોરે પૂરીબહેન પાસે ખાસ મગાવેલ દૂધનો દૂધપાક અથવા આગલી રાતે બા-બાપુજીએ જાયફળ નાખીને બનાવેલ ચૂરમાના લાડુ સાથે ભજિયાંનો જમણવાર હોય. આવા જ એક જન્મદિવસની આગલી રાતે બા-બાપુજી ચૂરમાના લાડુ બનાવવા બેઠાં હતાં. કોરું ચૂરમું તૈયાર થઈ ગયું હતું. ત્યાં અચાનક જ પથારીમાંથી ઊઠીને નાના ભાઈ મુકેશે ખદખદતી ગોળની ચાસણીના બકડિયામાં હાથ બોળી દીધેલો. મધરાતે કોનું દવાખાનું ખોલાવવું? ચીસો પડતા મુકેશને છાતી સરસો ચાંપીને આખીરાત બા રડેલી.

બપોર મને હંમેશાં અકળાવનારી રહેતી. મોટેરાઓને થોડી વાર ઊંઘી જવું હોય અને મને એકલું ગોઠે નહીં. બહાર નીકળીને જોઉં તો વૃક્ષો નીચે ઑફિસે આવેલા મુલાકાતીઓ અને મજૂરો પણ આડા પડ્યા હોય. પટમાં અને રસ્તે અવરજવર ખોરવાઈ ગઈ હોય. આવી અકળ બેચેની વચ્ચે મેં એક બપોરે પરાક્રમ કર્યું. ડામચિયા પર ચડીને દીવાલના શોકેશ સુધી પહોંચ્યો અને તેમાંથી કાચી માટીના બે પોપટ ઉતાર્યા. સાથે લીધાં કંકુની ડબલી અને શંખજીરાનું ખોખું. ચોકડીમાં પાણીની ડોલ ભરેલી પડી હતી. ત્યાં જઈને પહેલા માટીના બન્ને પોપટ હાથમાં રાખીને પાણીમાં ડુબાડ્યા. થોડી વારમાં પોપટ અમારી મુઠ્ઠીઓ વચ્ચે ઓગળવા લાગ્યા. પોપટને પડતા મૂકીને મેં કંકુની ડબ્બી ઉઘાડી અને ધબેડ્યું લાલ કંકું પાણીમાં. થોડી વાર પાણીમાં વિસ્તરતા લાલ વલયોને જોઈ તેમાં શંખજીરું ઠાલવવું શરૂ કર્યું. પછી પાણીમાં હાથ ફેરવીને જોયું તો પેલા બન્ને પોપટ ગુમ! ક્ષણેક તો રોમાંચ થયો પણ પછી પોપટ ગુમાવ્યાના બોધે ખિન્ન થઈ જવાયું. ઉપરથી બા જાણશે તો શું કરશે એ કલ્પનાએ મને ડરાવી નાખ્યો તે દોડીને ઘર સામેના વૃક્ષે ભરાઈ બેઠો. થોડી વારે બાની બૂમ આવી ઘરમાંથી, પણ અંદર કેમ જવું? અંતે બા બહાર આવીને મને પરાણે ઘરમાં લઈ ગઈ અને પોપટ ગળી ગઈ હતી તે પાણીની ડોલ સામે જ મારા બન્ને ગાલે એક એક તમાચો ચોડ્યો.

ટાપલાંઓ અને થાપલાંઓ વડે અમે ઘડાઈ રહ્યા હતા. આ સ્થળમાં ધીમેધીમે મૂળ નખાઈ રહ્યાં હતાં અમારાં. આ આખો પરિવેશ અમારામાં ઊંડે ઊતરી રહ્યો

હતો. આમ તો આ અમારું હંગામી નિવાસસ્થાન બનાવાયું હતું, પણ બીજું ઘર ખાલી થતાંથતાંમાં ચાર વર્ષ નીકળી ગયાં! અંજળ કે ઋણાનુબંધ જેવી ભારેખમ બાબતો વિશે તો એ ઉંમરે હું નહોતો વિચારી શકતો, પણ એક સહજ સ્વીકાર હતો અમારો અને આ સ્થળનો પરસ્પર માટે. જે વધુ ને વધુ દઢ બની રહ્યો હતો. એવામાં જ એક બપોરે અચાનક બાપુજી હરખાતા-હરખાતા ઑફિસેથી આવ્યા અને અમને સમાચાર આપ્યા કે નવા ઉતારા, લાઇન-પાંચમાં એક ઘર ખાલી થયું છે અને અમારે અત્યારે ને અત્યારે જ ત્યાં ઘરવખરી લઈને ચાલ્યા જવાનું છે. તે દિવસે સવારે જૂનાગઢથી દાદી પણ આવેલાં. બાએ, દાદીએ અને પાડોશનાં ભાનુમાસીએ બધો સામાન આટોપ્યો અને એક વાર ફરીથી અમારે ઉચાળા ભરવાની ઘડી આવીને ઊભી. ફરી અહીંથી ઊડવાનું હતું અમારે ડોલમાં ઓગળીને અદશ્ય થઈ ગયેલ પેલી પોપટની જોડીની કે અન્ય કશાકની શોધમાં.

આજે ૫૯ વર્ષની ઉંમરે આ લખવા બેઠો છું ત્યારે એક વાતનો મને અચંબો થાય છે. કેટલી નાનીનાની વિગતોને હું અહીં ઉતારી ગયો! એવી કેટલીય વાતો કરી જેનો કદી પ્રગટપણે ઉલ્લેખ પણ નથી કર્યો કોઈ પાસે. કોઈ દફ્ન થઈ ગયેલા ભાતીગળ નગરની જેમ બધું પેટાળમાં ધરબાઈને પડ્યું હતું. તેનું આ ઉત્ખનન પળેપળે અચરજનાં આંજણ આંજી રહ્યું છે. સ્થળે-સ્થળેથી ધૂળ ખસેડું છું અને મને મળે છે થોડું ધૂંધળું પણ અક્ષત એવું સમયનું કોતરકામ. આ ઉત્ખનન આમ જ થતું રહેશે, ઊઘડતું રહેશે મારી સ્મૃતિમંજૂષાનું આશ્ચર્યલોક અને એની વાતો કહેતો રહીશ હું તમને આમ જ.



# નવો ઉતારો

નવા ઉતારા, લાઇન નંબર ૫, બ્લૉક નંબર ૬, બંદર રોડ, વેરાવળ. ખાસાં પાંત્રીસેક વર્ષ સુધી મારા અને અનેકો દ્વારા આ સરનામું અસંખ્ય વખત લખાયું છે, વંચાયું છે, બોલાયું છે. સતત અમારી ઓળખાણ થઈને રહ્યું છે. હવે નથી રહ્યું આ અમારું સરનામું. પણ વિગત ૫૫ વર્ષોમાં આ નવો ઉતારો ક્યારેય નથી અળગો પડ્યો અમારાથી કે નથી અમે તેમાંથી બહાર નીકળી શક્યાં. મને યાદ છે એ ઢળતી બપોર જ્યારે બાપુજી, હું, નાનો ભાઈ મુકેશ, બા અને દાદી આ નવા ઉતારામાં પહેલી વખત પ્રવેશેલાં. અમારી પાછળ રેંકડીમાં આવી હતી અમારી પાંખી ઘરવખરી. જેમાં હતાં બે ગાદલાં, એક લોખંડની બેગડી, બે'ક પોટલાં કપડાંનાં, ભગવાનની એક છબી, રસોડાનાં વાસણોનો કોથળો, લોટનો જૂનો ડબો, નાહવાની ડોલ, ડબલાં-ડૂબલી અને એક નાનકડી સગડી.

એ દિવસોમાં તો એ નહોતું વિચાર્યું કે આ નવો ઉતારો 'નવો' ક્યાંથી અને 'ઉતારો' કોનો? પણ આજે એ વિચારું છું તો તાળો મળે છે કે નવાબી કાળમાં રાજકાજ માટે આવતા મહેમાનો કે હંગામી નિમણૂક પામેલાઓ માટે એક ઊતરવાની વ્યવસ્થા હતી આ અને નવો બન્યો હશે એટલે નવો ઉતારો! ઊભા ડેલામાં એક બાજુ નળિયાંવાળાં, મજિયારી ભીંતે જોડાયેલાં હારબંધ આઠ મકાનો અને સામે વિશાળ લાંબો પટ. અમે રહેવા ગયાં ત્યારે સામેની દીવાલે ક્યાંક-ક્યાંક જુનવાણી વ્યવસ્થાની શાહેદી પુરાવતા ઘોડા બાંધવા માટેનાં કડાં લટકતાં હતાં.

"આલ્લે! આ તો દરિયા જેવડા મોટ્ટા!" ઓરડામાં પ્રવેશતાં જ દાદી બોલેલાં. સાચ્ચે જ બહુ મોટું હતું અમારું આ નવું ઘર. એક વિશાળ ઓરડો, બાજુમાં એવડો જ બીજો ઓરડો જે રસોડા તરીકે વપરાતો. આ બન્ને ઓરડાની પહોળાઈ જેવડી બહાર ઓશરી અને પાછળ એવડો જ ખુલ્લો વાડો, જેનું બારણું પાછલી ગલીમાં ખૂલતું. આખા ઘરની માથે લાકડાંની કેચી પર બન્ને બાજુએ ઢળતું અને ખૂબ ઊંચું એવું વિલાયતી નળિયાંવાળું છાપરું. આવડા મોટા ઘરમાં શરૂશરૂમાં

તો અમારી ઘરવખરી દેખાતી પણ નહીં અને ખાલીખાલી ઓરડાઓમાં પડઘા પડતા. ઓશરી લાકડાની પખવાસીની જાળીથી બંધ. ઘરનાં બારણાં એકલા હાથે માંડ ખૂલી શકે તેવાં તોતિંગ. વારેતહેવારે ઘરમાં ધૂળ-જાળાં કરવામાં શરૂઆતમાં બાને અને પછીથી ઈશિતાને અને બહેન ઉરુને આંખે અંધારાં આવી જતાં.

આઠેય મકાનોમાં જુદાજુદા સરકારી કર્મચારીઓ વસે. શીળી દાક્તર, મજૂરકલ્યાણ અધિકારી, નાયબ મામલતદાર, બાંધકામ ઇજનેર, હાઈસ્કૂલના આચાર્ય, ટ્રેઝરી ઑફિસર, વાયરમૅન અને ડ્રાફ્ટસમૅન – ઘણું વૈવિધ્ય હતું અહીંના બાશિંદાઓના વ્યવસાયોનું અને હોદ્દાઓનું.

ચોમાસું આવતું અને અમારું આખુંયે ઘર બન્ને બાજુથી દ્રવવાં લાગતું. ઉપરથી નળિયાં ચૂવે. એના ચૂવાકે-ચૂવાકે બા-બાપુજી છાલિયાં, તપેલી મૂકતાં ફરે અને નીચે આખીયે સિમેન્ટની ફરસને ભેજના ટશિયા ફૂટે (જાણે લીલી ઓઢણીમાં ટાંક્યાં હોય સફેદ મોતી!). શરૂઆતના દિવસોમાં બહારના રસ્તાનું વરસાદી પાણી ડેલામાં આવતું. આખા ડેલામાં ગોઠણ-ગોઠણ પાણી ભરાઈ જતાં એ જોઈને મોટેરાંઓનાં નાકનાં ટેરવાં ચડી જતાં, પણ અમને ટેણિયાટોળીને તો ધુબાકા થઈ જતા. કાગળની હોડીઓથી ભરાઈ જતો અમારો એ અંગત અરબી સમુદ્ર. શિયાળો ઠૂંઠવી નાખતો. ફળિયું અને વાડો તો ઠીક, જાળીવાળી ઓશરી પણ અમને બહુ કંટી લાગતી. ઉનાળો આવતો અને રાતે બહાર ખાટલા ઢળાતા, ઘોડિયાં કઢાતાં, મોડી રાત સુધી વાતોનાં વડાં થતાં. બાએ પહેલવારુકી સપ્તઋષિ હારે ઓળખાણ કરાવેલી. તેનો ઉન્મેષ ઓઢીને તારોડિયા આકાશ તળે પોઢી જતાં અમે સહુ ભાંડરડાં. શીતળાસાતમ પર માટીનાં માતાજી ઘડાતાં, તેનાં શણગાર થતાં, પરસોત્તમ મહિને ખેતલિયો પૂજાતો અને અમે પણ હારેહારે ગાતાં – આમ્બુડું, જામ્બુડું, કેરી ને કોઠીમડું, વાડી રાજા રામની... રાજા રામની વાડી જેવા આ નવા ઉતારામાં દિવાસાનાં અને ગૌરીવ્રતનાં રાતરાતનાં જાગરણ થતાં. એમાં ચા-નાસ્તાની મોજની વચ્ચે મોડી રાતે જોષીમાસાનાં પૅન્ટ-શર્ટ પહેરીને લીલીમાસી એન્ટ્રી મરતાં અને અમને બધાંને હસાવી-હસાવીને લોટપોટ કરી દેતાં. વિજુભાભી જેવું થાળીનાચણ કરવાની તો ડેલાની બીજી કોઈ બાઈની તેવડ જ નહોતી. હથેળી પર મૂકેલી થાળી લયબદ્ધ રીતે ઉપર-નીચે થતી શરીર ફરતે ઘૂમતી રહે અને તસુભાર પણ ન ખસે. જાણે ગુંદર વડે ચોંટાડી ન હોય!

ખૂબ નાનાં હતાં ત્યારે રવિવારની સાંજે બા અમને ભાંડરડાંને બગલાની પાંખ જેવા લેંઘા-ઝભ્ભા પહેરાવતી, બાબરી પાડતી અને ઉપરિયામણમાં કપાળે ટીલાં

ને હથેળીમાં કાજળના દોકડા પાડી આપતી અને ઊપડતાં અમે સહુ બગીચામાં. લીલાં ઘાસની બિછાત પર બહારથી બંધાવેલું ચનાજોરનું પડીકું ખૂલતું અને બાપુજી કાવાવાળાને બોલાવી સગડી પર ઊકળતા કાવાની ચૂસકી લેતા.

અમારી ઉતરાણ પણ કંઈ એક-બે દિવસની નહોતી. લાગલું ૪૦-૪૫ દિવસનું 'પતંગટાણું' હતું અમારા ગામમાં. ખૂબ પતંગો ચગતી, પેચ લડતા અને વાંસડે ઝાખળું બાંધીને અમે ખૂબ લૂંટતા પતંગોને. રવિવારે આખા ડેલામાં સોડાબાટલીના કાચ ખંડાતા હોય, સરેસ-કાચના માંજા પવાતા હોય અને સાંજ પડ્યે કાપા પડેલી આંગળીઓ પર માવડિયુંથી છાનાંછાનાં મલમ લગાવાતા હોય. આ પતંગો માટે અંદરોઅંદર ઝઘડા પણ ખૂબ થતા. તેનાં સમાધાન થઈ શકતાં છેક દિવાળી ઉપર. જે ટકી રહેતાં હતાં આગલા પતંગટાણા લગી.

એક વખત ચોમાસામાં મોટું વાવાઝોડું ત્રાટક્યું. દર વખતે ખોટી પડતી આગાહી એ વખતે સાચી પડી ગઈ. વાવડો વધ્યો અને છાપરાનાં નળિયાં ઊંચકાઈ-ઊંચકાઈને ટપટપ ખરવા લાગ્યાં. ઉપરથી અનરાધાર વરસાદ વરસે. માથે તપેલાં ઓઢીને બા-બાપુજીએ સચવાય તેટલી ઘરવખરીને સાચવી પણ અંતે વરસાદનું અને વાવડાનું જોર અમારી હામને આંબી ગયું. સામેના પાકા ઘરમાંથી એકધારા સાદ આવતા'તા કે અહીં આવી જાવ. અંતે ઘરને રેઢું મૂકીને, એકબીજાના હાથ ઝાલતાં મહામહેનતે સામેના ઘરે પહોંચ્યાં. અમારી નજર સામે જ ઊડી ગયું હતું અમારા આખા ઘરનું ઢાંકણ. મોડી રાતે વાવડો અને વરસાદ જંપ્યાં એટલે બાપુજી અમારી અનિચ્છા છતાં અમારા છાપરા વગરના ઘરે ગયા અને ખાટલા પર બેસીને આખીય રાત રખોપું કર્યું. જોકે એમને અને અમને સહુને ખબર હતી કે ઘરવખરીમાં શું બચ્યું હતું!

ઘણી વાર અચાનક અમારા ગામમાં કોમી હુલ્લડ ફાટી નીકળતાં. ચારે બાજુથી ગામ ભડકે બળવા લાગે. અમારા ઘરની પાછળની બાજુની લાકડાની લાતીઓમાંથી ધુમાડાના ગોટેગોટા ઊઠતા હોય. આગળના રસ્તા પર દોડાદોડી અને દેકારો થવા લાગે. એ જોઈને અમારા કુમળાં મનમાં ભય અને ગ્લાનિનો આતંક મચે. આઠ-આઠ દસ-દસ દિવસના કર્ફ્યુ નખાય. ગોંડલ ને ઠેઠ અમદાવાદથી એસ.આર.પી.ની ટુકડીઓ ગામમાં ઊતરતી. નવા ઉતારના બાશિંદાઓ હુલ્લડમાં ફસાયેલાઓને યથાશક્તિ મદદ કરતા અને બંદોબસ્ત પરના એસ.આર.પી.ના જવાનોને ક્યારેક ચા-પાણી પાતા. બદલામાં એ જવાનો નવા ઉતારાના દૂધ, શાક અને કરિયાણાની વ્યવસ્થા કરવામાં મદદરૂપ થતા.

નવા ઉતારાના બાશિંદા દર વરસે રામદેવપીરની રવેડી તો માણે જ માણે, પણ મોહરમના તાજિયાનું જુલૂસ પણ છેલ્લા તાજિયા સુધી ડેલે ઊભીને જુએ અને પછી રાતે નિરાંતે ડેલામાં તાજિયાની મીમાંસા થાય. અમારા નવા ઉતારાની પાછળ જ પડતો હતો ગરબીચોક. એ દિવસોમાં આ ચોક વચ્ચે સંઘેડે ઉતારેલા લાકડાની ચાર-ચાર માળની ગરબી ઊભી થતી અને નવેય રાત આખુંય વેરાવળ ગરબી જોવાં ઊમટતું. ઊભવાની પણ જગ્યા ન મળે તેવી હકડેઠઠ ભીડ થતી વિશાળ ચોકમાં. અમે સહુ અમારા ડેલાની ગરબીચોક તરફની દીવાલે મોટાં ટેબલો મૂકતાં. મોટેરાંઓ ટેબલ પર ઊભે અને અમને દીવાલ મથાળે બેસાડી દે. અમારી સામે હોય અમારો ફાટફાટ નગરવૈભવ, ચારે બાજુ છોકરીઓનો ઘાઘરિયાળો ઘેરો અને પગ તળે હોય ગુલ્ફીની રેંકડીઓ. એક પાંચિયાનો સિક્કો રેંકડીવાળા તરફ જાય એટલે હાથોહાથ મળતી અણીવાળી માવાગુલ્ફી. કેવડી મોટી ખરીદશક્તિ હતી અમારા એક પાંચિયાની!

સહુથી વધુ જીવંત અને ઊજમાળો હતો અમારા ઘરનો વાડો. વાડામાં ડાબે ખૂણે એક પીપળાનું મોટું ઝાડ હતું. તેના પર સાંજ પડ્યે અસંખ્ય ચકલાં આવીને આદરતાં સામૂહિક ચહેકાટ. થોડી વાર માટે ઘર સમેત આખોય વાડો આ અથક ચહેકાટમાં રમમાણ થઈ રણઝણી ઊઠતો. છેક અંધારું થવા લાગે ત્યારે આ ચકલાં જંપીને પાંદડે-પાંદડે પોઢી જતાં. રાતે જમ્યા પછી બા પીપળા નીચેની ચોકડીમાં ઠામ ઊટકતી હોય ત્યારે અમે ભાંડરડાં રસોડાના પગથિયે બેસતાં. લૅમ્પના પીળા પ્રકાશમાં દેખાતાં પોઢેલાં ચકલાં અમને સાવ હાથવગાં લાગતાં. મને આ પંખીડાંનાં સુંવાળાં પેટ અને પાંખ પંપાળવાની ખૂબ ઇચ્છા થતી. હું ચકલાં સુધી પહોંચવા પાણીના નળ પર પગ મૂકી ટાંકે ચડવા જતો અને દર વખત મને રોકી દેતો બાનો ફાટીઆંખનો ડારો.

આ જ વાડામાં હતી બીજી બે ક્યારીઓ. અમારાં મન-માંજરથી હરીભરી. જાણે અમારી કૌતુકની કાર્યશાળાઓ હતી. બારમાસીની શીંગ ફાટે ત્યારે ઝીલેલાં બિયાંને વાવવાથી લઈને તેનો ફણગો પોતાનું કુમળું જોર કરીને માટીના પોપડાને ઊંચકે ત્યાં સુધી રાહ જોવામાં વીતતા અમારા દિવસો બા કરતી તે ચૈતરી નોરતાના અનુષ્ઠાનથી સહેજેય ઓછા આસ્થાવાન નહોતા. કારેલીના વેલે પીળું ફૂલ બેસે, વાલોળનાં સફેદ ફૂલને હટાવીને કૂણીકૂણી શિંગ હાઉકલું કરે, ટામેટીમાં લુમ્બેઝુમ્બે આવે ટામેટાં કે ગલગોટાનાં ફૂલનો ગોટો અમારા ગાલથીય

મોટો થઈ જાય ત્યારે-ત્યારે અમને શેર-શેર લોહી ચડતું અને અમે વારતાના રાજકુમારની જેમ દિવસે ન વધીએ તેટલાં રાતે વધવા લાગતાં. વૅકેશન પડતું ત્યારે આ વાડાને નાછૂટકે રેઢો છોડવો પડતો. વૅકેશનમાં બગસરા હોઈએ કે જૂનાગઢ, મનમાં ઘોળાતો રહેતો હોય અમારો વાડો. પાછાં ફરીએ અને વાડાના છોડવાઓને અને વેલાઓને અડકી લઈએ ત્યારે જ અમને ધરપત થતી. આ વાડાએ, આ ક્યારીઓએ ક્યારેય અમારા વૈભવને ઓછો પડવા દીધો નથી. એકલો અમારો જ વાડો નહીં, બાજુના બક્ષીબાપાના વાડાની બદામડીએ છાપરે ચડાવીને અમારાં ખિસ્સાં તો ભર્યાં જ છે સાથે સાથે જીવનની મીઠાશ, ખટાશ અને તુરાશની ત્રિરાશી શીખવીને અમને શાણા પણ બનાવ્યાં છે.

આ નવા ઉતારામાં મારાં લગનનો માંડવો રોપાયેલો. શરણાઈ વાગેલી, મોઢની વાડીમાં શિખંડ-પૂરીનો જમણવાર થયેલો અને રાતે દાંડિયારાસની રમઝટ પણ બોલેલી. ઈશિતાને પરણીને પહેલી વાર ડેલામાં પ્રવેશ્યો ત્યારે નવા ઉતારાની બારીએ-બારીએથી ઉમળકાઓ અને કૌતુકો ડોકાયેલાં એ જોવાને કે કેવી છે યોગલાની વહુ! અમારાં લગન પહેલાં જ બાપુજીએ ઘરમાં એક ફેરફાર કરાવી લીધેલો. ઓશરીની જમણી બાજુને એક લાકડાના પાર્ટિશનથી બંધ કરીને અમારો સૂવાનો રૂમ ઊભો કરી દેવાયેલો અને તેમાં હોંશેહોંશે એક સાગનો પલંગ પણ બનાવીને મૂકી દેવાયેલો. અમારા આ રૂમની લાકડાની જાળીને જાડા કપડાના પડદાથી ઢાંકી દેવાયેલી. જાળીમાં બહાર બાજુ એક બારી પડે અને રૂમનું એક બારણું ખૂલે રસોડામાં. આ રૂમમાં જ લગનની બીજી સવારે લખાયેલી આ પંક્તિઓ :

*ધીમે ધીમે ઝાકળવંતુ આભ ઠરે છે છાતી વચ્ચે*
*ગલીપચીનું સસલું દોટમદોટ કરે છે છાતી વચ્ચે*
*ખિસકોલીની પુચ્છ અડ્યાનો રવરવતો રોમાંચ રગોમાં*
*તારી કોમળ આંગળીઓનું હીર સરે છે છાતી વચ્ચે*

આ દિવસો હતા ઈશિતાની નવી સાડીઓની પટોળાભાત પર ઓળઘોળ થઈ જવાના, જાતે નવાનકોર બુશકોટનાં પતંગિયાં પહેરી ફૂલફટાક ફરવાના, અરીસાની આજુબાજુ જ રહેવાના અને મોરપીછનો મૂંગોમૂંગો વરસાદ ઝીલવાના. અમારા રૂમની જાળીને લાગેલો પડદો ટાણે-કટાણે ઊડીઊડીને અમને કનડતો અને ઉપરથી કનડતી બહેન ઉર્વી અને નીતા, અમારા રૂમમાં બહારની જાળીમાથી કાંકરા નાખી-નાખીને. માથા પરથી વધામણાંના મગ દદડે એમ દડી રહ્યા

હતા એ દિવસો. એક દિવસ આખા ઘરમાં અને બહાર અત્તરિયો મઘમઘાટ ફેલાઈ ગયો. ફોરમનું પગેરું શોધતાં પહોચાયું ઈશિતાના કરિયાવરના કબાટ સુધી. કબાટમાં એક અત્તરની શીશી ઢોળાઈ ગઈ હતી. સહુને પછીથી એ વાતની પ્રતીતિ થઈ ગયેલી કે તે દિવસે અત્તરની શીશી હારે-હારે ઈશિતા પોતે પણ ઢોળાઈ ગઈ હતી અને ફેલાઈ ગઈ હતી તેની ફોરમ અમારા ઘરમાં અને આખા નવા ઉતારામાં. બહુ જલદી તે મારાં નાનાં ભાંડરડાં શૈલેશ અને ઉરુની મોટી બહેન (અને ક્યારેક મા પણ!), બા-બાપુજીની દીકરી, નવા ઉતારના સમવયસ્કોની નટખટ સહેલી અને વૃદ્ધાઓ માટે સખદખની વાત કરવાનું ઠરેલ ઠેકાણું બની ગયેલી. હોળી પર નવા ઉતારાના નાનાં ટાબરિયાં નવીનવી ભાભીને રંગવા આવતા અને ઈશિતા તેની ચડ્ડીઓ ઉતારી નાખી ઘરે મોકલી દેતી. આવા જ દિવસોમાં ઈશિતા માટે એક કવિતામાં મેં લખેલું :

*ગઈ રાતે*
*તેં કાનમાં કહેલું*
*કે તું ધરતી છે.*
*ત્યારથી જ*
*તારા ભીના ભીના શરીરમાંથી*
*કૂંપળની કાચી કાચી સુગંધ આવે છે મને.*

અમે, અમારું ઘર અને આખો નવો ઉતારો આળસ મરડીને ઊભાં થઈ રહ્યાં હતાં. દીકરીઓ ગુંજા અને મૌસમીનો જન્મ. ભાઈ મુકેશનાં સગાઈ અને લગન. અને પછી શૈલેશ અને ઉરુના જીવનસાથી શોધવાની ગડમથલ. બરાબર બન્ને ભાઈબહેનનાં લગનના વરસે જ બાપુજી માટે રિટાયર થવાનું આવ્યું. આ નવા ઉતારાથી અળગા થવાનું ટાણું આવી પહોંચ્યું. આવી પહોંચ્યો માના ખોળા જેવા હૂંફાળા આ ૩૫-૩૫ વર્ષના સહવાસનો અંત. અહીંથી સ્થળાંતર માટે નવા ઉતારાથી દૂર એક મોટું મકાન બનીને તૈયાર હતું. તે બાપુજી રિટાયર થયા ત્યારે ત્યાં રહેવા તો ચાલ્યા ગયા સાથે ચારેક મહિના માટે નવા ઉતારાના બંધ ઘરનો કબજો પણ રાખ્યો. અમે જીવનનું બધું જ અહીં પામ્યાં હતાં તો પછી અમારાં ભાંડરડાંઓના આ છેલ્લા બે લગ્નપ્રસંગો બીજે જઈને શા માટે ઊજવીએ? રિટાયર થયા પછી છ મહિના સરકારી મકાન તમે વાપરી શકો તેવો નિયમ હતો તેનો લાભ લીધો. ઉરુ અને શૈલેશનાં લગન આવ્યાં એટલે એક મહિના માટે પાછાં નવા ઉતારાવાળા ઘરે છેલ્લુંવેલ્લું રહેવા ગયા.

વરસો પહેલાં જ્યારે આ ઘરમાં રહેવા આવ્યાં ત્યારે અમારી ઘરવખરી એક રેંકડીમાં સમાઈ ગયેલી અને અહીંથી નીકળ્યાં ત્યારે ખાસ્સો ચારેક ટ્રૅક્ટર જેટલો સામાન હતો. આને અમારો વિકાસ કે વૈભવ કહીને તેનો હિસાબ માંડવાનો વખત તો હજુ આવ્યો નથી, પણ એટલું ચોક્કસ કહી શકું કે ખૂબ જ મોટી જગ્યા રોકીને રાખી છે અમારા સ્મૃતિપટની આ નવા ઉતારાએ.

નવા ઉતારાને છોડ્યો એ પછી અમે જૂના પડોશીઓને હોંશેહોંશે મળવા જતાં. અમે રહેતાં એ ઘરમાં મહેતાભાઈ નામના ક્લાર્કનું કુટુંબ રહેવા આવેલું. અમે સામે ખીમજીભાઈને ત્યાં ગયાં હોઈએ ત્યારે ઘણી વખત અમારા જૂના ઘરમાં રહેતાં માસી મને અને ઈશિતાને તેમના ઘરે બોલાવતાં. કોઈ પાકી ઓળખાણ ન હોવા છતાં અમે ઘરમાં જતાં અને આખાયે ઘરના ખૂણેખૂણાને આંખથી અને મનથી સ્પર્શી લેતાં. તેમની ઘરની ગોઠવણીની વચ્ચે અમારી ઘરવખરીને અને અમને શોધતાં. હું શોધતો એ ખૂણો ઘરનો જ્યાં બાળપણમાં રિસાઈને કલાકો ભરાઈ રહેતો. પિરામિડનું એ ટીવી શોધતો જેના પર આવતું રામાયણ જોવા અડધો ડેલો એ ઓરડામાં આવીને બેસતો'તો. શોધતો ઘરની ઉગમણી દીવાલ પર લાકડાનું એ સ્ટૅન્ડ જેના પર બાપુજીએ પહેલી વાર લાવીને મૂક્યો હતો મેઇડ ઇન જર્મનીનો પાંચ બૅન્ડનો રેડિયો જેનું કાળક્રમે સ્થાન લીધું સ્પીડકિંગના ટેપ પ્લેયરે અને અંતે અડવાણા થઈ ગયેલા સ્ટૅન્ડને એક દિવસ પી.ડબ્લ્યૂ.ડી.વાળા કાઢી ગયેલા. ઘરના વાડાની ક્યારીઓનો પમરાટ, પીપળાનો વિસ્તીર્ણ અસબાબ, ખૂણાનો અકિંચિત્ પપૈયો, રસોડાની બારીમાંથી આવતો પાંદડાની ભાતવાળો તડકો, પાછલી ગલીનો બોલાશ અને લાકડાં વેરતાં બૅન્ડશોની તીણી ચીસ – આ બધું ઉપર-ઉપરથી તો પહેલાં હતું તેવું ને તેવું જ લાગતું હતું, પણ તેના ભીતરી સંદર્ભો અને અર્થો સમૂળગા બદલાઈ ચૂક્યા હતા. છેલ્લે ઈશિતાનો હાથ ઝાલીને માસી અમારાવાળા રૂમમાં અચૂક લઈ જતાં. આશ્ચર્યજનક રીતે દર વખતે એ રૂમ સાવ ખાલી મળતો. વાસી દીધેલી બારી ઉઘાડતાં-ઉઘાડતાં માસી અમને કહેતાં – અને આ રહ્યો તમારો ઓરડો! ખબર નહીં, પણ દર વખત આવું કહેતાં-કહેતાં માસી કોઈ અગોચર વિશ્વમાં અટકી ગયાં હોય તેવું લાગતું. મૌન થઈ જતાં લગીર. પાછળથી અમને એ વાતની ખબર પડેલી કે તેમને પણ એક દીકરો હતો, બહારગામ રહેતો અને પરણવાની ઉંમરે પહોંચેલો.

પછીનાં વરસોમાં તો એક-એક કરીને ઓછા થતા ગયા સહુ જૂના પડોશીઓ

અને ઓછું થતું ગયું અમારું નવા ઉતારામાં જવું. છેલ્લે ખીમજીભાઈ નીકળી ગયા પછી હવે ત્યાં અમારું કોઈ જ જાણીતું રહ્યું નથી અને નવો ઉતારો પણ ખાસ્સો બદલાઈ ચૂક્યો છે. વિલાયતી નળિયાનું છાપરું કાઢીને કૉન્ક્રીટનો સ્લેબ નખાઈ ગયો છે. પાછળના વાડાને બનાવી દેવાયો છે પાક્કો અને ભરતી કરીને ઊંચો. દરેક ઘરના પગથિયે રંગોળી કરવાની પાકી ઓટલીઓ હતી તેને કાઢી નખાઈ છે. ડેલાની વચ્ચોવચ એક બહાર નીકળેલો અને સાવ કથોરો લાગતો પાણીનો ટાંકો બન્યો છે. બાકીના ડેલામાં ચોપગાં વાહનોની ભરમાર રહે છે. પહેલાં હતી તેવી ઊજમાળી મોકળાશ હવે ક્યાંય નથી. ફક્ત નવો ઉતારો જ નહીં, નવા ઉતારાની પાછળનો વિસ્તાર કે જ્યાં એક વખતે ગામના વેપારીઓ, શ્રેષ્ઠીઓ રહેતા હતા, તેઓ પણ ત્યાંથી તેમનાં રહેઠાણો વેચી-વેચીને સોસાયટી વિસ્તારમાં રહેવા ચાલ્યા ગયા છે. નજીકના ખારવાવાડના સંપન્ન માછીઓએ મોંમાગ્યા દામ ચૂકવીને ખરીદ્યાં છે આ રહેઠાણો અને જૂની ઇમારતો પાડી-પાડીને આલીશાન બંગલાઓ ઊભા કરી દીધા છે. અમે નવા ઉતારાને છોડીને જતાં રહ્યાં એ અમારી મજબૂરી હતી કે સરકારી નિયમોને પાળવા પડ્યા. પણ મને આજ સુધી એ નથી સમજાયું કે આ પૈસાદાર વેપારીઓની એવી તે કઈ મજબૂરી હતી કે આ સોનરેખ જેવી સલોણી શેરીઓને છાંડીને તેઓ ચાલ્યા ગયા બીજે રહેવા!

હજુ ઘણી વખત કોઈ રવિવારની સવારે કે સાંજે હું એ વિસ્તારમાં જાઉં છું. નવા ઉતારામાં તો હવે મારા માટે કોઈ જવા ઠેકાણું બચ્યું જ નથી એટલે નવા ઉતારાની પાછળની ગલીમાંથી પસાર થાઉં છું. અમારા ઘરના પાછલા બારણાની લટકતી સાંકળને સહેજ અડકી લઉં છું. બારણાની વચ્ચે એક તિરાડ છે, પણ તેમાંથી અંદર જોવાની હવે મારામાં હિંમત નથી. ત્યાં થોડી પળો ઊભીને પીપળાના અને બદામડીનાં છાયડાને ઊંડાં શ્વાસમાં ભરી લઉં છું. શેરી પૂરી થતાં છેલ્લે ગરબીચોકમાં જઈને ઊભો રહી જાઉં છું. એકેય ઓળખીતો ચહેરો નજરે નથી ચડતો. બધાં જ મકાનો, રહેવાસીઓ, દુકાનો, દુકાનદારો બદલાઈ ગયા છે. મારા માટે ફક્ત બે જ ઠેકાણાં બચ્યાં છે જ્યાં જઈને હું મારી જાતને આ વિસ્તાર સાથે જોડી શકું અને મારા આ નિઃશ્વાસનાં પોટલાં ખોલી શકું. એક ઠેકાણું તે અનિયાની પાનની દુકાન અને બીજું ઠેકાણું તે રામજીનું મંદિર. આ રામજી મંદિરના રામ તો જાણે જ્યાં છે ત્યાં ટકી જવાના, પણ લાગે છે કે આ અનિયાનું હવે કંઈ નક્કી નથી.

૨૧-૨૭/૦૪/૨૦૨૦